# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૮૨૫૧

## સલામી સવારની..

સંખ્યા બળના તીરથી સાથીઓનાં ભાથાં તારે છે
રાષ્ટ્રીય પ્રશ્નો, ને કેન્દ્રની સત્તામાં માથાં મારે છે,
ધારે તેનું વધારે માથું ડારે - ડફારે પક્ષને -
બન્યા છે બળુકા પ્રાદેસિક પક્ષો - માથાં ભારે છે
(યદ્દીયુરપ્પા નો હઠાગ્રહ)

## હાઈકુ

કોઇ કાયદા,
લાગુ પડતા નથી -
હવામાન ના..
(દબંગ નગર)

રમાડે રમી
સરકારને પણ -
હારતી રાખે..
(કલગી સાહેબ હાજર..)

## ચિંતન

**શરીર મેવા યતનં સુખસ્ય દુખસ્ય ચાપ્યાયતન સુખસ્ય ।**
**યદ્‌યત્ શરીરેણ કરોતિ કર્મ તે નૈવ દેહી સમમશ્રુતે તત્ ॥**

'શરીર જેમ સુખ ભોગવવાનું સાધન છે તેમ દુઃખ ભોગવવાનું પણ સ્થાન-સાધન છે. પ્રાણી માત્ર આ શરીર વડે જે - જે અને જેવા-જેવાં કર્મ કરે છે તેને લીધે જ સુખ - કે - દુઃખ મળે તેવાં કર્મ આ શરીર દ્વારા ભોગવવાનાં થાય છે.'

આત્મા મરતો નથી, કપાતો નથી, છેદાતો નથી એને (સમજ-જ્ઞાન હોત તો) સુખ-દુઃખ, પીડા જેવું પણ કંઇ જ હોતું નથી. આત્મા 'તટસ્થ' હોય તો એ સાક્ષી રૂપ જ રહે છે.

દુઃખ-પીડા-આનંદ-ભોગ એ ભોગવવાનું સ્થાન-સાધન શરીર છે. પગમાં પીડા હોય અને કેન્સરમાં અંગ કપાવવાં પડે ત્યારે પીડા-દુઃખ શરીર ભોગવે છે, કોઇ અજ્ઞાન ભલે એમ કહે કે, 'આત્મા-જીવ રિબાય છે' આત્મા ને સમજ હોય તો એ 'પીડા' પણ આનંદ ઉત્સવ તરીકે ભોગવી શકે છે.

પગ કપાયા પછી એવું વિચારે કે હાશ! ચાલવમાંથી છૂટ્યા! દાંત જાય પછી હાશ! ખાવામાંથી-સ્વાદથી છૂટ્યા.. વગેરે.

સારાં-માઠાં કર્મોના ફળ શરીર ભોગવે છે. અને કર્મ પ્રમાણે સુખ-દુઃખ, આનંદ-ઉપાધિ બધું શરીરને છે

## સુવિચાર

- તમે એકલા હો અને એકલવાયાપણું અનુભવતા હો તો એ નિશ્ચિંત પણ સમજી લેજો કે તમે ખોટા સાથીદાર-મિત્ર-માણસના સંગાથમાં છો - **પોલ સાર્ત્ર**
- જે આપણા છે અને આપણાને ઇજા પહોંચાડતા હોય છતાં આપણે તેને દૂર નથી કરી શકતા, દાંત જયારે જીભ કચરી નાખે તો શું દાંતને દૂર કરીએ છીએ? - **શ્રી ગોલવલકર**
- જીવનમાં નીતિ ન હોય તો અંતઃકરણની શુધ્ધિ થઇ શકે નહીં, ઝાડનું મૂળ જ ખરાબ હોય તો એમાં મીઠાં ફળની આશા કેમ રખાય - **ડો. શિવાનંદ અધ્વર્યું**
- એક ખરાબ કામમાં સફળ થવું એનાં કરતાં એક સારા કામના પ્રયત્નમાં મળેલી નિષ્ફળતા સારી - **ઓશો**
- જેમને પોતાની સમજ મુજબ જીવન જીવવાની શક્તિ મળી છે તેમને ગુરૂની કોઇ આવશક્યતા નથી - **વિમલા ઠાકર**
- ભક્તિને જયાં સુધી કર્મનો ટેકો નહીં મળે ત્યાં સુધી ભક્તિ રડવાની જ- **દત્તોપંત ઠેંગડી**

## બોધ કથા

બે ટંક દાલ-રોટી અને બે ગજ જમીનમાં જેને સંતોષ હોય એના પર ગમે તેવી **આફતોના પહાડ તૂટી પડે તો પણ એને કોઇ ચિંતા દબાવી નથી શકતી, સંતોષનું ધન જ શ્રેષ્ઠ છે. બાકી ધન-સંપત્તિના ચાહકોને ચિંતા છોડતી નથી.**

એક ધનિક શેઠ પોતાના પરિવાર, ઉડાઉ પુત્રો, અને બજારના વ્યવહારથી ખૂબ દુઃખી અને ચિંતામાં રહેતા હતા. એના ઘરની સામે જ ખૂણામાં એક મોચી પટારો લઇ બેસતો. જતાં-આવતાં લોકોના બૂટ-ચપ્પલ રીપેર કરી આપે, પોલિશ કરે પણ એક ખખડધજ રેડિયો પર ગીતો સાંભળ્યા કરે, પોતે પણ સાથે ગાય અને આનંદ લ્હેરથી જિંદગી જીવતો હતો.

શેઠ જતાં-આવતાં આ મોચીની આનંદ-મસ્તીની નોંધ લેતો અને ઇર્ષાથી બળી જતો. એક માનસશાસ્ત્રી શેઠને અંગત કામે મળવા આવ્યો હતો.

શેઠે તે મોચીની વાત કરી, કહ્યું - મારે એનાં આનંદ-મસ્તી ઉડાડી તેને ચિંતામાં દુઃખી-દુઃખી જોવો છે, એનો ઇલાજ તમારી પાસે છે!

માનસશાસ્ત્રી કહે, એક લાખ રૂપિયા એની આ ગંદી પેટીમાં રાત્રે મૂકી દેજો. પછી બીજા દિવસેથી તમે એની સ્થિતિ-હાલતનું નિરીક્ષણ કરજો..

મોચીના લાખ રૂપિયા આવતાં તે સાચવવાની, રોકાણની, કેમ વાપરવાની ચિંતા લાગી ગઇ, ગીત-રેડિયો બંધ થઇ ગયા, ધંધામાં ચિત્ત લાગે નહીં, ઉજાગરા થવા લાગ્યા.. શેઠને પણ ચિંતા-ઉપાધિનું કારણ સમજાઇ ગયું.

# સેન્ચુરી આફ્ટર સેન્ચુરી મેનકાઇન્ડ મેડ સેમ મિસ્ટેક્સ

## વિચાર યાત્રા

- જય ઓઝા

### પ્રયત્નો કરતા રહેવા... ચેલેન્જ મોટી તો સકસેસ મોટી... રિસ્ક વધુ તો રિટર્ન વધુ...

ઇ. સ. પૂર્વે ૧૦૬ વર્ષ પહેલાં જન્મેલા ફિલસૂફ સિસેરોનું આ વાક્ય છે. કહેવાની જરૂર નથી કે આ જિનિયસને પણ બીજા ફિલોસોફરોની જેમ નાની ઉંમરે મારી નાખવામાં આવ્યો હતો... ગાંડાઓની દુનિયામાં એકાદ ડાહ્યાના આવા જ હાલ થાય છે... અને થતાં રહેશે...

માણસ જાત સદીઓથી એકની એક ભૂલ કરતી આવી છે... આવી છ ભૂલોનું લિસ્ટ સિસેરો મૂકતા ગયા છે...

**(૧) પોતાના વ્યક્તિગત લાભ માટે બીજાઓને કચડીને જ આગળ વધી શકાય તેવી ભ્રમણા -**

હજારો વાર આપણને સમજાવવામાં આવે ઉદાહરણ આપવામાં આવે પરંતુ લીટી લાંબી દોરવાની મહેનત કરવા માટે નટરાજની પૅન્સિલ વાપરવાને બદલે લીટી ભૂંસવા માટે કૅમલનું રબ્બર લઇને ફરનારા આજે પણ બહુમતિમાં છે.

આવા ઇર્ષ્યાળુઓ આજે જ છે એવું નથી... સદીઓ પહેલા પણ હતા... જેટલા પણ શિશુપાળો છે, તે બધા એવું જ માનતા હોય છે કે કૃષ્ણ કરતા વધુ મહાનતા બતાવવા માટે તેને ગાળો આપવી જોઇએ...

પછી ભલે ને આવા શિશુપાળોમાં ગીતાનો એક શ્લોક લખવાની પણ ઓકાત ન હોય! પરંતુ તેઓ ઇર્ષારૂપી લઘુતાગ્રંથીથી પીડાતા જ રહે છે...

અને આથી જ લોકો જેન્યુઇન મહેનત કરીને પોતાનું આગવું નિખારવાની બદલે ટાંટિયા ખેંચમાં જ પડ્યા રહે છે. કોઇ પણ ક્ષેત્રમાં આગળ વધવું હોય તો આવડત વધારવી પડે છે... બીજાની ટીકા કરવાથી આગળ વધાતું નથી.

બીજા માટે 'બિટર' (કડવા) થવા કરતાં 'બેટર' થવા પોતાની તાકાત વાપરવી જોઇએ... પરંતુ આવું થતું નથી... લોકોને લાગે છે... ખૂબ મહેનત કરીને એકલપંડે હામ ભીડીને સ્કીલ મેળવીને આગળ ન જ વધી શકાય... આ માટે બીજાને હરાવવા જ પડે... પછાડવા જ પડે... આ આપણી પરંપરાગત ભૂલ છે...

કોઇને પછાડીને જ જીતી શકાય એવી સ્પર્ધાત્મક વૃત્તિ બાળપણથી જ આપણી નંબર ગેઇમવાળી પરીક્ષા પધ્ધતિ દિમાગમાં ઘૂસાઇ દે છે. જો કચડવી જ હોય તો... પોતાની અણઆવડત અને ઇર્ષાને કચડીને આગળ વધી શકાય.

**(૨) જે બાબતો બદલી કે સુધારી શકાતી નથી સતત તેની જ ચિંતા કરવાની વૃત્તિ -**

માણસ જાતની આ બીજા નંબરની હિમાલય જેવી ભૂલ છે, અને આ સદીની મૂળ સમસ્યા હતાશાનું પણ આ જ મૂળ કારણ છે... એવું નથી કે ફકીર બનીને સાવ નફિકરા થઇ જઇને, જે ઘટનાઓ બને તે લાચાર બનીને શરણાત ભાવથી સ્વીકારતા જ ફરીએ...

પરંતુ જગતમાં ખુદ કુદરત પણ કેટલાક નિયમોથી બંધાયેલી છે... ત્યાં મારા-તમારાં જેવા મગતરા જેવા જીવોનું શુ ગજું?

માણસે આત્મવિશ્વાસથી છલોછલ કાળજું રાખવું જોઇએ, પરંતુ એનો અર્થ એમ ન સમજવો જોઇએ, તેની ઉપર બીજું કોઇ નથી. રોજ રોજ બધું તેનું જ ધાર્યું થશે... રોડ પર કોઇ બમ્પ જ નહીં આવે.

પરંતુ ખરેખર વાત એમ જ છે કે બાબત પહોંચની બહાર છે, એ સમજીને પોતાની 'અ-ક્ષમતા' કબૂલ કરી લેવાનું ડહાપણ અને સાથોસાથ જે બાબતમાં પ્રયત્ન કરીને કશુંક થઇ શકે છે, એ પીછાણીને 'શૂન્યમાંથી સર્જન' કરવાની તાકાત પણ હોવી જોઇએ...

એવું નથી કે આવી મેન્ટાલીટીથી જીવનમાં જે થાય તે થવા દઇને નિષ્ક્રીય બની જવું. પરંતુ જે 'અવશ્યંભાવી' છે, તેની ચિંતા છોડી દેવાની વાત છે. મૃત્યુ ગમે ત્યારે ગમે તેનું આવવાનું જ છે... બધાએ જવું જ પડે છે, તો પછી દુઃખી થઇને શૉ અર્થ. અને શું ખબર જે જનારની પાછળ આપણે દુઃખી થઇએ છીએ, તે ખરેખર આપણી જંજાળથી છુટીને સુખી થઇ ગયો હોય!

ખોટી ચેલેન્જિસ ને ઇગો, ઇશ્યુ બનાવી દઇને હાથે કરીને હેરાન થવા કરતા, 'પ્રભુ ને ગમ્યું તે ખરું' વાળા સિધ્ધાંતને અનુસરીને જીવનના રોજિંદા ટૅન્શનથી છૂટકારો મળી શકે છે.

**(૩) આપણાથી કોઇ વાત શક્ય ન બની, શકે એટલે ક્યારેય કોઇનાથી થઇ જ ન શકે એવો જડ દુરાગ્રહ -**

ગઇકાલે કશું જ નહોતું થયું માટે આવતીકાલે નહીં જ થાય એવો અંદાજ માંડશો તો ગયા કામથી! ગઇ કાલે જે વાત સપનામાં પણ વિચારી હોય તે આજે હકીકત બની શકે છે. મોબાઇલ હોય કે કૉમ્પ્યુટર, કાર હોય કે કૅમેરા, ક્રિકેટમાં જ સ્કૉર બે દિવસમાં પણ ધાર્યા ન હોય તે હવે બે કલાકમાં બને છે. ૧૦૦ વર્ષ પહેલાં લાગતી હતી જેમ અત્યારે ચંદ્ર પર ઘર માંડવાની વાત કાલ્પનિક લાગે છે.

જીવવું હોય તો આશાવાદી બનવું જ પડે, માટે અગાઉની કોઇ ઘટનામાં નિષ્ફળતા મળી એટલે સતત એવું જ થશે - એમ માની લઇએ તો ખરેખર એવું જ થશે... આઇન્સ્ટાઇન એક સંશોધન કરી રહ્યા હતા, ત્યારે તેઓ ૯૯ વખત નિષ્ફળ ગયા... આ બાબતે તેમને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે - મને ૯૯ એવા રસ્તા મળ્યા છે - જયા હવે મારે નથી જવાનું.

બાબત બદલી શકાય તેવી હોય તો ચિંતા નથી કરવાની, સ્વીકારવાની છે. પરંતુ જેમા પરિવર્તન શક્ય છે તેનો પડકાર ઝીલીને કેડો મૂક્ય વિના મચી પડવાનું છે. દરેક નવી પેઢીએ પોતાની આગલી પેઢી જેનાથી ડરતી હતી, એવા સોપાનો સર કરી બતાવ્યા છે. કોઇ પણ જાતના તરવરાટ કે તૈયારી વિના બીજાઓને અસંભવ લાગ્યું, તેમ માનીને ચાલવા જશું તો બીજા જેવા જ બનીશું. હતાશ અને હારેલા! પ્રયત્નો કરતા રહેવા... ચેલેન્જ મોટી તો સકસૅસ મોટી... રિસ્ક વધુ તો રિટર્ન વધુ...

(ક્રમશઃ)

# હૃદયના ઊંડાણમાં આકાર પામતો દૃઢ નિશ્ચય જ જીવનમાં ચમત્કારી પરિવર્તન લાવી શકે!!

## લાગણીનો મેળો

- રસિક વાળંદ 'નિર્ઝર'

માગવાનું કહે છે તો માગી લઉં છું ઓ પ્રભુ!
દઇ દે મન એવું કે માગે એ કશુંયે નહિ!

**- વિપીન પરીખ**

એક કહેવત છે 'મન હોય તો માળવે જવાય' આ 'મન હોવું' એટલે સંકલ્પ શક્તિ - મનોબળ - મનની મક્કમતા - અડગતા હોવી. મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકાર આ ચારેય માનવને મળેલી વિશિષ્ટ કુદરતી દેન છે. અનવવા તર્ક-વિતર્કમાં ભટકતું 'અસ્થિરતા' ના પર્યાય સમું ચંચળ મન જો ધારે તો ઉત્તમમાં ઉત્તમ ફળ આપી શકે અને અધમગર્તામાં પણ ધકેલી દે એવું સામર્થ્યશીલ છે.

આવા ચંચળ - તરંગી મન પાસેથી શુભ પરિણામો પ્રાપ્ત કરવા હોય તો સાચું ઉમદા - આદર્શ ચિંતન જરૂરી છે. દૃઢ મનોબળ એક ઉમદા ગુણ છે. તેનાથી આત્મ વિકાસ સધાય છે. મનની મક્કમતા અશક્યને શક્ય બનાવી શકે છે. જે મનથી હારી જાય છે તે સદાય હારેલો રહે છે અને જે મનથી જીતી જાય છે તે ગમે તેવા વિકટ - પ્રતિકૂળ સંજોગોમાં ઝઝૂમવાની તાકાત કેળવી શકે છે.

દોસ્તો... 'હું ધારું તો ફર્સ્ટ કલાસ લાવી શકું...' આવું આપણે કહીએ છીએ, સાંભળીએ છીએ... પરંતુ 'ધારું તો...' નો ઉદ્‌ગાર ભારપૂર્વક બોલાય છે. કારણ આપણું મન કાર્ય કરવા કટિબધ્ધતા દાખવે તો જ એવો સૂચિતાર્થ એમાં છૂપાયેલો છે. કહેવાતો તોત્તેર મણનો 'તો' હડસેલી આગળ વધવામાં બહાદૂરીની કસોટી છે. ધારણા - મનસૂબો - દૃઢ સંકલ્પ શક્તિ - આત્મબળ - આગળ ગમે તેવી વિકટ પરિસ્થિતિ પણ ઓગળી જાય છે, માત્ર જરૂર છે હિંમતપૂર્વકના મક્કમ ડગ ભરવાની!!

આત્મબળ એ તો જીવનનું ધારક-પોષક બળ છે. વળી એ પણ યાદ રાખો અણુશક્તિ કરતાં ઇચ્છાશક્તિ વધુ પ્રબળ હોય છે!!! તેથી જ કવિએ લખ્યું છે, 'અડગ મનના મુસાફરને હિમાચલ નડતો નથી.' અડગ મનનો માનવી અશક્યને શક્યમાં પલટાવવાને રમત સમજે છે. કપરાં ચઢાણ ચઢવામાં પ્રત્યેક ડગલે ચાલવાનો સ્વાદ ઘૂંટાય છે.

દૃઢ મનોબળે અનેક વ્યક્તિઓના જીવનમાં ચમત્કાર સર્જ્યા છે. જેમ કે - જન્મથી અંધ, બહેરાં-મૂંગા એટલે કે આંખ, કાન અને જીભ આ ત્રણેય દ્વાર બંધ છતાં પીએચ.ડી. સુધી ભણનાર અને વિશ્વવિખ્યાત બનેલાં હેલન કેલર, અરે... તોતડાતી જીભે બોલતાં ડેમોસ્થેનીઝ પ્રભાવશાળી વક્તા થયા... આ મહાપુરૂષોને મહાન બનાવનાર આત્મબળ જ છે... મહાપુરૂષોની ક્રિયા સિધ્ધિ તેમના આત્મબળમાં રહેલી છે, નહિ કે બાહ્ય સાધન સામગ્રી પર...

(અનુસંધાન પાના નં. ૬ પર)

# મોટા મનનાં માણસો પાસે હંમેશા કશુંક ધ્યેય હોય છે જયારે સરેરાશ શક્તિશાળી માત્ર ઇચ્છાઓ રાખે છે

## ઇચ્છા શક્તિ + ક્રિયાશક્તિ = સફળતા

- હર્ષદ પ્ર. શાહ

ગણિત તો સાદું છે, પણ સરળ નથી. આ સિધ્ધાંત તો ઘણા સમજે છે, પણ એને વ્યવહારમાં મૂકી શકતા નથી. જે આ સિધ્ધાંત સમજે છે અને વ્યવહારમાં મૂકે છે તે સફળ થાય છે.

જીવનના હર કદમ પર સફળતા મેળવવા ઇચ્છા તો દરેકને હોય... પણ સફળ થવાનું નથી. આમ ઇચ્છાશકિત અને ક્રિયાશક્તિ સફળતાનાં બે અનિવાર્ય અંગો છે.

ફ્રેન્ચ ફિલોસોફર એલનનું વાક્ય છે -

**Everyone has what he wants...**

અર્થાત્ ઇચ્છા કરો, મળશે.

દેખીતું આ વાક્ય ખૂબ જ સાદું લાગે. પણ જરા વિચાર કરીશું તો સમજાશે કે ખરેખર નિષ્ઠાપૂર્વક કોઇ ઇચ્છા કરીએ તો એ અવશ્ય ફળે છે. ઇચ્છાબળ ભરપૂર હોવું જોઇએ. શ્રી એલેન કહે છે કે મનોવાંછિત ચીજ તમને મળતી નથી. કારણ કે તમે તેની ઇચ્છા કરતા નથી. ભગવાન તો તથાસ્તુ તથાસ્તુ કરતો બેઠો છે. માત્ર તમારે સાચી દાનતવાળી ઇચ્છા જ કરવાની જરૂર છે. ઇચ્છાનું બળ જ તમને પુરૂષાર્થ કરવા પ્રેરશે.

કેટલાક લોકો નસીબ ઉપર આધાર રાખીને વિવિધ ઇચ્છાઓ કર્યા કરે છે. પરંતુ માત્ર ઇચ્છાઓ કરવાથી કંઇ વળતું નથી. તનતોડ મહેનત જરૂર હોય છે. માત્ર ઇચ્છા કે મહેનત પણ નહીં, ઉદાત્ત ધ્યેય પણ નજર સમક્ષ હોવું આવશ્યક છે.

વૉશિંગ્ટન ઇર્વિંગ કહે છે -

**Great minds have purposes, others have wishes.**

મોટા મનનાં માણસો પાસે હંમેશા કશુંક ધ્યેય હોય છે જયારે સરેરાશ શક્તિશાળી માત્ર ઇચ્છાઓ રાખે છે.

નજર સમક્ષ ઉદાત્ત ધ્યેય હોય... મનમાં પ્રબળ ઇચ્છાશક્તિ હોય... અનેતન પરિશ્રમ કરવા તૈયાર હોય તો કોઇ કામ મુશ્કેલ નથી જ!

'હું કાર્ય પૂરું કરવાનો માર્ગ શોધી કાઢીશ, અથવા જરૂર પડશે તો નવો માર્ગ રચીશ...**I will find way or make anew one.**' આમાં પ્રબળ ઇચ્છાશક્તિનાં દર્શન થાય છે.

મહામના માલવીયજીને દિલ્હીના એમના પરિચિત સજ્જને પત્ર લખ્યો કે કેટલાક પ્રમુખ નાગરિકોએ એક સભાનું આયોજન કર્યું છે જેમાં કાશીમાં હિન્દુ વિશ્વવિદ્યાલયના નિર્માણ અંગે વિચાર થશે. માટે માલવીયજી તે દિવસે સભામાં અવશ્ય પધારે.

આવો પત્ર મળતાં માલવીયજી પ્રસન્ન થઇ ગયા. તેમને નિયત દિવસે સભા પહેલાં દિલ્હી પહોંચવાની તૈયારી કરી. તેમના સચિવે કહ્યા મુજબ નક્કી કરેલી રેલગાડી પકડવા માટે ઘેરની નીકળતા જ હતા એવામાં એક સજ્જન માલવીયજીને મળવા આવ્યા. તેઓ પણ હિન્દુ વિશ્વવિદ્યાલયના સંદર્ભમાં કંઇક જાણવા માગતા હતા. તેમના સાથેની વાતચીતમાં થોડો સમય વધારે લાગ્યો. પરિણામે માલવીયજી જયારે કાશી સ્ટેશને પહોંચ્યા ત્યારે નિર્ધારિત એક્સપ્રેસ ગાડી દિલ્હી માટે રવાના થઇ ગઇ હતી.

ગાડી પ્લેટફૉર્મ પરથી થોડી વાર પહેલાં જ ઊપડી હતી. માલવીયજીએ સ્ટેશન માસ્ટરને કહ્યું, ''મારે અત્યંત આવશ્યક કામ માટે દિલ્હી જવું છે. આ મારા માટે છેલ્લી ગાડી હતી. હજુ એ થોડે દૂર જ પહોંચી છે. શું આપ એને રોકીને પાછી પ્લેટફોર્મ પર ન લાવી શકો?''

સ્ટેશન માસ્ટરે આ માટે પોતાની અસમર્થતા વ્યક્ત કરી, માલવીયજીએ પૂછ્યું કે દિલ્હી માટે હવે પછી ગાડી ક્યારે મળશે? સ્ટેશન માસ્ટરે કરી - એક કલાક પછી.

આ સાંભળી માલવીયજી થોડા નિરાશ થયા. થોડી વારે બોલ્યા, ''બીજી કોઇ ગાડી છે?'' ત્યારે સ્ટેશન માસ્ટરે થોડું વિચારીને કહ્યું, 'જી હા, બીજી એક ગાડી છે જે થોડીવારમાં જ આવશે. પરંતુ એ તો વાઇસરોયની વિશેષ રેલગાડી છે, જેમાં બીજું કોઇ યાત્રા ન કરી શકે. વળી એ ગાડી નહીં રોકાવાની પણ નથી. માટે એ અંગે વિચારવું કંઇ કામનું નથી.'

આ વાત સાંભળી માલવીયજી એકદમ ઉત્સાહમાં આવી ગયા અને બોલ્યા, 'સારું, તમે મારા માટે એટલું કામ કરો કે... વાઇસરોયની આ ગાડી અહીં રોકાય. વાઇસરોય મને ઓળખે છે. હું એમની સાથે દિલ્હી પહોંચી જઇશ.'

સ્ટેશન માસ્ટરે કહ્યું, 'મહારાજ! અહીં વાઇસરૉયની ગાડીને રોકવાનું કામ ખૂબ મુશ્કેલ છે. છતાં આપના માટે હું એ જોખમ ઉઠાવીશ.'

થોડીવારમાં જ વાઇસરૉયની સફેદ ડબ્બાવાળી ખાસ ગાડી આવતી દેખાઇ, ગાડીના ડ્રાઇવરને ખબર હતી કે તેણે કાશીમાં ગાડીને રોકવાની નથી. તેથી તે તીવ્ર ગતિથી ગાડી ચલાવી રહ્યો હતો.

આ બાજુ સ્ટેશન માસ્ટરે કૅબિનમેનને આદેશ આપીને આગળનું સિગ્નલ ઉપર કરાવી દીધું, જેનો અર્થ હતો કે ગાડીએ અહીં રોકાવાનું છે. સિગ્નલ મળે પછી જ તે આગળ વધી શકે.

પ્લૅટફૉર્મની નજીક આવતાં જ સિગ્નલનો સંકેત જોઇને ડ્રાઇવરે સ્ફૂર્તિથી ગાડીને બ્રેક મારી. ઝાટકા સાથે ગાડી ઊભી રહી.

સ્ટેશન માસ્ટરનું હૃદય ધડકી રહ્યું હતું. ગાડી અનપેક્ષિત રીતે અચાનક ઊભી રહી જવાથી વાઇસરૉયને આશ્ચર્ય થયું. શું થયું તે જાણવા માટે વાઇસરૉય ડબ્બાનો દરવાજો ખોલ્યો. બહાર આવીને જોયું તો પ્લૉટફોર્મ પર માલવીયજીને ઊભેલા જોયા.

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

**૧૦મી જુલાઇ**

- મહાન ભારતીય ક્રિકેટર સુનિલ મનોહર ગાવસ્કરનો જન્મ ૧૦-૭-૧૯૪૯. ૩૪ સદી, ૨૩૬ રને નોટ આઉટ, ૪૫ અડધી સદી, ૧૦૮ કેચ લેવા. તત્કાલીન સમયના વિક્રમો સર્જનારા આ ક્રિકેટરે ૧૯૮૬માં નિવૃત્તિ લીધી. પદ્મભૂષણ - અર્જુન એવોર્ડ એનાયત થયા.
- પાદરાથી મોભા સુધીની રેલ્વેલાઇન ૧૯૩૩માં ચાલુ થઇ.
- ગુજરાતના વૈજ્ઞાનિક પદ્મશ્રી ડો. નૌતમ ભટ્ટનો ભાવનગરમાં જન્મ - ૧૯૦૯.
- ૧૮૦૫ માં ફોટોગ્રાફી કલાના જનક - જગતના પ્રથમ ફોટોગ્રાફર ટોમસ વેજવુડનું અવસાન.

# કૈલાસબહેને તો જાણે કે, બાળકો ઉપર જાદુ પાથર્યો છે, તેમને સોટીનું હથિયાર ઝાલવાની જરૂરિયાત ઉદ્‌ભવી નથી, પ્રેમ, લાગણી અને આત્મીયતાથી બાળકો ઓળઘોળ થઇ જાય છે

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

### વગડાનાં કરમાયેલાં ફૂલોને ખિલવતાં એક સમર્પિત શિક્ષિકા : કૈલાશબહેન પટેલ

અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાના ટ્રેન્ટ ગામના એક પાટીદાર પરિવારમાં ૧૯૬૭ માં કૈલાસબહેનનો જન્મ થયો. સૌ બાળકોની જેમ તેઓ પણ પ્રાથમિક શિક્ષણ માટે ગામની પ્રાથમિક શાળામાં જોડાયા. ૧૯૮૦માં માત્ર ૧૩ વર્ષની ઉંમરે જ તેમણે પિતાની છત્રછાયા ગુમાવી. પિતાના અવસાનનો આઘાત કુટુંબ માટે પણ કારમો હતો. ચાર બહેનો અને એક ભાઇના પરિવારનો હવે એક માત્ર આધાર માત્ર માતાને જ શિર હતો. ધર્મ પરાયણ માતાનું વાત્સલ્ય કૈલાસબહેનને વારસામાં મળ્યું. ભાઇની ઉંમર ઓછી હોવાથી ખેતીકામ અને પશુપાલનમાં પરિવાર રોકાયો. તેમાંથી શ્રમનું મહત્ત્વ સમજાતું રહ્યું અને મુશ્કેલીઓનો સામનો કરવાનું બળ મળતું રહ્યું. માધ્યમિક શિક્ષણ ગામની શાળાઓમાં જ લીધું અને તે દરમિયાન શિક્ષણ પ્રત્યે રસ જાગ્યો. જીવન સાધના કોલેજમાંથી પી.ટી.સી. પાસ કરી. બાળકો પ્રત્યે કેવો વર્તાવ રાખવો. તેની તાલીમ અને સમજણ મળી. તેને તેમણે મનમાં સાચવી રાખી. પરિણામે બાળકો પ્રત્યે આગવો લગાવ, અભિરૂચી કેળવાતી રહી.

કુટુંબના નિર્વાહ માટે રોજગારીની શોધ ચાલતી હતી. તે દરમિયાન ક્યાંકથી પાટણ જિલ્લાના મણુંદ ગામની નવજીવન આશ્રમશાળા વિશે જાણવા મળ્યું કે, આ સંસ્થામાં ગરીબ, પછાત બાળકો, દીકરીઓ રહે છે અને ભણ છે. આ સંસ્થામાં સેવા આપવાનું મળે તો કેવું? તેવું તેમને મનમાં થવા લાગ્યું. સને ૧૯૯૦ માં મદદનીશ શિક્ષિકા તરીકે તેઓ નવજીવન, આશ્રમમાં જોડાયા ત્યારે તેમના આનંદનો કોઇ પાર ન હતો. મનમાં જે સ્વપ્ન હતું. તેને સાકર કરવાનો જાણે કે હવે મોકો આવી ગયો હતો.

ગંદા, ગોબરાં, અણઘડ બાળકો વચ્ચે હવે પનારો પડ્યો હતો. સતત અભાવોની વચ્ચે રહીને મુરઝાયેલા બાળકને અહીં કિલ્લોલતું કરવાની તક મળી. તેને સુપેરે નિભાવી જાણવી હતી. કૈલાસબહેનના મનમાં સમજણનો દીવો ઝબુકતો થયો.

અને મનની સફાઇ નહીં, પરંતુ સંસ્થાના પરિષદની સફાઇને પણ એટલું જ મહત્વ આપે. પોતે શાળાના આચાર્ય હોવા છતાં સહજતાથી હાથમાં ઝાડું લઇને સફાઇ કામ કરવા લાગી જાય. કચરાના ટોપલાં પણ માથે ઉંચકીને નાખી આવે. ખાતરના ખાડા ભરે. પછી બાળકો શેના પાછળ રહે?

શાળામાં ભણતી દીકરીઓની સંભાળ તો એમનો ખાસ શોખ. સગી મા તેની દીકરીને માથું ચોળીને નવરાવે તે તો સહજ વાત છે. પણ અહીં તો આચાર્ય બહેન માથું ચોળીને દીકરીઓને નવરાવે, વાળ ઓળાવે, ચોટલાં ગુંથે, ફૂલનું છોગું પણ લગાવી આપે. આ દૃશ્ય જોઇને વાલીગણમાં પણ અનોખો ભાવ જાગે. નિત્યક્રમ મુજબ બાળકોની સાથે જાગે, બાળકોને જગાડે, શૌચ-સ્નાનમાં સાથે રહે, પ્રાર્થનામાં સાથે રહે, પ્રાર્થનામાં મસ્ત બનાવે. રાત્રે પણ ગીત, ગરબા, સંવાદ, મૂક વાંચન અને તેમાંથી ઉદ્‌ભવતા પ્રશ્નોની રસાળ શૈલીમાં સમજ આપતા રહે.

એક જાણીતા વકીલ સંસ્થાની મુલાકાતે આવ્યા. સંસ્થાની કામગીરી નિહાળી. તેમને આનંદ થયો. પરંતુ અંગ્રેજીનું શિક્ષણ અહીં કેવું અપાતું હશે, તે વિશે તેમને સંશય જણાયો. તેથી પ્રશ્ન પૂછ્યો : "બાળકોને અંગ્રેજી કેવું આવડે છે?" કૈલાસબહેને જવાબ આપ્યો : "આપ જ બાળકોને પૂછો અને



તપાસો" પછી વકીલ મહાશયે પ્રશ્ન પૂછીને જાણકારી મેળવી. તો તેમના હરખનો કોઇ પાર ન રહ્યો.

એકવાર સંસ્થાનું દિવાલ ઘડિયાળ બંધ પડી ગયું. શિક્ષકે તેને ચાલું કરવા પ્રયત્ન કર્યો. બાળકો જોઇ રહ્યા હતા. પણ ઘડિયાળ ચાલુ જ ન થયું. કૈલાસબહેને તુરત જ કહ્યું : "લાવો, મારી પાસે હું ચાલુ કરી આપીશ." અને ઘડિયાળ ચાલું થઇ ગઇ. એક બાવળના ઝાડની ડાળી નમી પડેલી. પણ તેને કાપવાનું કામ અઘરું હતું. તેથી તેના જાણકારને બોલાવ્યો. તો તે જોઇને જતો રહ્યો, પણ શાળાનો એક વિદ્યાર્થી કોઇની જાણ બહાર ક્યારે ઝાડ ઉપર ચઢી ગયો અને ડાળી કાપી નાખી. તેની કોઇને ખબર પણ પડી નહીં. તેને તે કામ સહજ લાગ્યું. રાહુલ તો ખાડામાં રોપેલાં રોપા ઢીલાં પડે તો તેની ખાસ કાળજી રાખે. પાણી આપે, થડ વાંકુ હોય, તો ટેકો આપીને સીધું કરે. કેટલાક બાળકો અને દીકરીઓ ગીતો ગાવામાં એક્કા. લોકગીતો, ભજનો થકી આપણા સંગીત વારસાને જીવંત રાખી શકે. તેવા આ બાળકોને તેમની બાળ સહજ ચેષ્ટાઓ અને ઠુમકાઓ દ્વારા ઉછળકૂદ કરતા જોવા એ પણ એક લ્હાવો ગણી શકાય. આ દ્વારા બાળકોમાં હિંમત કેળવાય છે. તેમનામાં કેટ-કેટલી આવડતો છે. તે અહીં જોવા મળે છે અને બાળકો પોતાના જૂના સંસ્કાર ભૂલી શિક્ષિત - સંસ્કારિત થઇ નવા જીવનમાં કદમ માંડે છે.

કૈલાસબહેને તો જાણે કે, બાળકો ઉપર જાદુ પાથર્યો છે, તેમને સોટીનું હથિયાર ઝાલવાની જરૂરિયાત ઉદ્‌ભવી નથી. પ્રેમ, લાગણી અને આત્મીયતાથી બાળકો ઓળઘોળ થઇ જાય છે. ગ્રામીણ, ગરીબ, પછાત, શ્રમજીવી પણ શ્રમ શોધતી અભણ, અસંગઠીત, ભૂમિહીન બહેનોના બાળકો અહીં ભણે છે. સંસ્થા દ્વારા ઘેર-ઘેર ઘૂમીને આવા બાળકો ભણવા લવાય છે. જે બાળકો કદાપિ ભણી જ ન શક્યા હોય, તેને આ સંસ્થામાં ભણતાં કર્યા છે. ત્યારે કૈલાસબહેનનો તેમાં સિંહ ફાળો રહ્યો છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)